# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-02-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પ્રચાર પડઘમ શાંત થયા.. 16 ફેબ્રુઆરીએ મતદાન અને 18 ફેબ્રુઆરીએ મતગણતરી
2. અંત્યોદય પરિવારને આર્થિક રીતે સક્ષમ બનાવવા ગુજરાત સ્કીમ ફોર અંત્યોદય ફેમિલીઝ ફોર ઓગ્મેન્ટિંગ લાઇવલીહુડ્સ- જી-સફલ યોજનાની જાહેરાત
3. કેન્દ્રીય રાજ્યમંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે જણાવ્યું કે કેન્દ્રીય બજેટ 2025-26માં 12 લાખ રૂપિયા સુધીની આવક કરમુક્ત થતાં મધ્યમ વર્ગને મોટી રાહત.
4. અમદાવાદ મહાનગરપાલિકાના વર્ષ 2025-26ના અંદાજપત્રમાં એડવાન્સ ટેક્સ ચુકવનારને 12 ટકા રીબેટ આપવાનો નિર્ણય
5. ત્રણ દિવસ બાદ રાજ્યના તાપમાનમાં વધારો થવાની હવામાન વિભાગની આગાહી

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# LOCAL BODIES ELECTION

16 ફેબ્રુઆરીનાં રોજ યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનાં પ્રચાર પડઘમ આજે શાંત થયા છે. હવે ઉમેદવારો ડોર ટુ ડોર પ્રચાર કરશે. આ ચૂંટણીમાં કુલ 213 બેઠકો બિનહરીફ થતાં 5 હજાર 84 ઉમેદવારો ચૂંટણી લડશે.

જામનગરમાં ત્રણ નગરપાલિકા ધ્રોલ, કાલાવડ અને જામજોધપુરની સામાન્ય ચૂંટણી તેમજ જામનગર તાલુકા પંચાયત મતદાર મંડળમાં સમાવિષ્ટ જામવંથલી અને જોડીયા તાલુકામાં સમાવિષ્ટ જોડીયા તાલુકા પંચાયત મતદાર વિભાગની પેટા ચૂંટણીઓનું પણ મતદાન થશે. ત્યારે આ અંગે જિલ્લા ચૂંટણી અધિકારી કેતન ઠક્કરે પૂર્વ તૈયારીઓની વિગતો આપી.

(બાઈટ : કેતન ઠક્કર, જિલ્લા કલેકટર)

રાજ્ય ચૂંટણી આયોગની યાદીમાં જણાવ્યા પ્રમાણે, સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી હેઠળના તમામ એકમો માટે કુલ 7 હજાર 36 ઉમેદવારી પત્રો રજૂ થયા હતા તે પૈકી 1 હજાર 261 અમાન્ય તેમજ 5 હજાર 775 ઉમેદવારી પત્રો માન્ય ઠર્યા છે અને 478 ઉમેદવારોએ ઉમેદવારી પત્રો પરત ખેંચ્યા છે. 16 ફેબ્રુઆરીએ સવારે 7 વાગ્યાથી સાંજે 6 વાગ્યા સુધી મતદાન થશે. તો 18 ફેબ્રુઆરીના રોજ મતગણતરી હાથ ધરાશે.

. . . . . . . . . . . . .

# G-SAFAL SCHEME

અંત્યોદય પરિવારને આર્થિક રીતે સક્ષમ બનાવવા તેમજ મહિલા સશક્તિકરણના ઉદ્દેશથી રાજ્ય સરકારે ગુજરાત સ્કીમ ફોર અંત્યોદય ફેમિલીઝ ફોર ઓગ્મેન્ટિંગ લાઇવલીહુડ્સ - જી-સફલ યોજના જાહેર કરી છે. આ યોજના આગામી પાંચ વર્ષમાં રાજ્યના 10 જિલ્લાના 25 તાલુકાના 50 હજાર અંત્યોદય અન્ન યોજના કાર્ડધારક પરિવારોને લાભ પહોંચાડાશે.

આ યોજના દ્વારા અંત્યોદય પરિવારને આજીવિકાના નવા સ્ત્રોત બનાવવા માટે તેમને 80 હજાર રૂપિયાનું અનુદાન આપવામાં આવશે.

આ યોજનામાં જે તાલુકાઓનો સમાવેશ કરાયો છે તેમાં બનાસકાંઠા જિલ્લાનો થરાદ તાલુકો પાટણના સાંતલપુર, કચ્છના રાપર અને લખપત, સુરેન્દ્રનગરના સાયલા, છોટાઉદેપુરના કવાંટ અને નસવાડી, પંચમહાલના ઘોઘંબા, દાહોદના ગરબાડા, ધાનપુર, સિંઘવડ, દેવગઢબારીયા, ફતેપુરા, ઝાલોદ, દાહોદ, લીમખેડા અને સંજેલી, નર્મદાના નાંદોદ, ગરુડેશ્વર, સાગબારા, તિલકવાડા, ડેડીયાપાડા, તાપીના કુકરમુંડા અને નિઝર તેમજ ડાંગ જિલ્લાના સુબીર તાલુકાનો સમાવેશ કરાયો છે.

. . . . . . . . . . . . .

# JITENDRA SINGH – BUDGET

કેન્દ્રીય રાજ્યમંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે વર્ષ 2025-26 ના કેન્દ્રીય અંદાજપત્રને ભવિષ્યલક્ષી અને ક્રાંતિકારી ગણાવ્યું છે. અમદાવાદમાં યોજાયેલી પત્રકાર પરિષદમાં બજેટ અંગે માહિતી આપતા , શ્રી સિંહે કહ્યું કે જણાવ્યું કે આ બજેટ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દુરોગામી વિઝનની ઝલક છે જેમાં વર્ષ 2047 સુધીમાં દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટેનો પાયો નખાયો છે. તેમણે કહ્યું કે, આ બજેટમાં મધ્યમ વર્ગને આવક વેરામાં મોટી રાહત આપી અપાઈ છે.

## (બાઇટ: ડૉ. જીતેન્દ્ર સિંહ - કેન્દ્રીય રાજ્યમંત્રી)

શ્રી સિંઘે ઉમેર્યું કે ન્યુક્લિયર મિશન લોન્ચ કરાતા 2047 સુધી ભારત 100 ગીગા વોટ ન્યુક્લિયર એનર્જીનું ઉત્પાદન કરવા સક્ષમ બની જશે.

. . . . . . . . . . . . .

# GUJARAT POLICE RECRUTMENT

પોલીસ વિભાગમાં બીજા તબક્કાની ભરતી ઓગસ્ટ અથવા સપ્ટેમ્બરમાં બહાર પડશે. રાજ્યની વડી અદાલતમાં સુનાવણી દરમિયાન સરકારી વકીલે કોર્ટને જણાવ્યું કે પોલીસ વિભાગમાં 25 હજાર 660 જેટલી ખાલી જગ્યાઓ ઉપર સીધી કરવામાં આવશે.

વર્તમાન ભરતીની શારીરિક કસોટી માર્ચમાં પૂર્ણ થશે, બાદમાં લેખિત પરિક્ષા અને પરિણામ જુલાઈ મહિનામાં આવશે.

જે પૈકી પ્રથમ તબક્કામાં 11 હજાર કરતાં વધુ જગ્યા માટે ભરતી બહાર પાડવામાં આવી છે. બાકીની 14 હજાર 283 જગ્યાઓની ભરતીની જાહેરાત ઓગસ્ટ અથવા સપ્ટેમ્બર મહિનામાં બહાર પાડવામાં આવશે. બીજા તબક્કાની બાકીની ભરતી સપ્ટેમ્બર, 2026માં પૂર્ણ કરાશે.

. . . . . . . . . . . . .

# RAJYPAL -BANASKANTHA

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને આજે બનાસકાંઠાના મોરીયા સ્થિત બનાસ મેડિકલ કોલેજ ખાતે બનાસ ડેરીના ઉપક્રમે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાયો હતો. જેમાં આચાર્ય દેવવ્રતે ખેડૂતોને રાસાયણિક, ઓર્ગેનિક અને પ્રાકૃતિક કૃષિનો ભેદ અને ફાયદાઓ વિશે માહિતી આપી હતી. રાજ્યપાલે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા માટે પ્રાકૃતિક કૃષિ રાષ્ટ્રીય મિશનની શરૂઆત કરાવી છે.

દેશમાં શરૂઆતમાં ૧૨ જેટલા ટ્રેનિંગ સેન્ટર બનશે, જેમાં કૃષિ વૈજ્ઞાનિકોને પ્રાકૃતિક કૃષિ અંગે ટ્રેનિંગ અપાશે અને આ વૈજ્ઞાનિકો ખેડૂતોને તાલીમ અપાશે. રાજ્યપાલે બનાસ સૈનિક શાળાની મુલાકાત લીધી હતી. કાર્યક્રમમાં વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ જણાવ્યું કે પ્રાકૃતિક કૃષિનું અભિયાન આજે જનઆંદોલન બન્યું છે.  પરિસંવાદમાં ૧૦ હજાર જેટલા ખેડૂતોએ ભાગ લીધો હતો તથા જિલ્લાના કુલ ૫૦ હજાર ખેડૂતો વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા.

. . . . . . . . . . . . .

# AMC BUDGET

અમદાવાદ મહાનગરપાલિકાના સ્થાયી સમિતિના ચેરમેન દેવાંગ દાણીએ વર્ષ 2025-26 નું સુધારા સાથેનું અંદાજપત્ર રજૂ કર્યું. આ અંદાજપત્રમાં એડવાન્સ ટેકસ ચુકવનારને 10 ટકાને બદલે 12 ટકા રીબેટ આપવાનો નિર્ણય

લેવાયો છે. ઓનલાઇન પેમેન્ટ અને સળંગ ત્રણ વર્ષનો એડવાન્સ ટેક્સ ચૂક્યો હોય તે તમામને 15 ટકા જેટલું પ્રિબેટ અપાશે. જેનો અમલ આગામી નાણાકીય વર્ષ 2025- 26થી કરાશે.

(બાઇટ: દેવાંગ દાણી – ચેરમેન સ્ટેન્ડિંગ કમિટી)

ઉલ્લેખનીય છે કે મ્યુનિસિપલ કમિશનર એમ. થેન્નારેસન દ્વારા  14 હજાર કરોડ રૂપિયાનું અંદાજપત્ર રજૂ કરાયું, જ્યારે શાસક પક્ષ દ્વારા 1501 કરોડના વધારા સાથે 15 હજાર 502 કરોડ રૂપિયાનું અંદાજ પત્ર રજૂ કરાયું છે.

. . . . . . . . . . . .

# GERI-TESTING

વડોદરા ખાતે કાર્યરત ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા-GERIએ છેલ્લા ચાર વર્ષમાં અંદાજે 6 લાખ 14 હજારથી વધુ નમૂનાઓનું સફળ પરીક્ષણ કરીને રાજ્યમાં બાંધકામ ક્ષેત્રને વધુ મજબૂત, સુદ્રઢ બનાવવાનું કાર્ય કર્યું છે. જળ સંપત્તિ  અને પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયાએ જણાવ્યું કે આ પરીક્ષણથી રાજ્ય સરકારને અંદાજે 184 કરોડ રૂપિયાથી વધુની આવક પણ થઇ છે.

જળ સંપત્તિ અને પાણી પુરવઠા રાજ્ય મંત્રી મુકેશ પટેલે કહ્યું કે, ગેરી દ્વારા આધુનિક ઉપકરણોથી તેમજ પૂરતા માનવ સંસાધનના પરિણામે રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં અગત્યના માટી પરીક્ષણ, ક્રોંક્રીટ મિક્સ ડિઝાઇન તેમજ આસ્ફાલ્ટ મિક્સ ડિઝાઇનના મળીને 9 હજાર 228 સફળ પરીક્ષણ કરાયા છે. શ્રી

પટેલે ઉમેર્યું કે મુખ્યમથક વડોદરા સહિત ગેરી અંતર્ગત રાજ્યભરમાં કુલ 24 આધુનિક પ્રયોગશાળાઓ કાર્યરત છે.

. . . . . . . . . . . . . .

# WEATHER

આગામી ત્રણ દિવસ બાદ રાજ્યના તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની આગાહી હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

હવામાન વિભાગના નિયામક એ કે દાસના જણાવ્યા અનુસાર હાલમાં ગુજરાત ઉપર ઉત્તર પશ્ચિમ અને ઉત્તર દિશા તરફથી પવનો આવી રહ્યા છે તથા કોઈ સિસ્ટમ પણ સક્રિય ન હોવાને કારણે તાપમાન સતત વધી રહ્યું છે.

છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યમાં સૌથી ઓછું લઘુત્તમ તાપમાન નલિયામાં 11.8 ડિગ્રી હતું. તથા સૌથી વધુ મહત્તમ તાપમાન વેરાવળમાં 35.6 ડિગ્રી સેલ્સ નોંધાયું. આ ઉપરાંત અમદાવાદમાં લઘુત્તમ તાપમાન 15.8 ડિગ્રી સેલ્સિયસ તથા મહત્તમ તાપમાન 32.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું.

. . . . . . . . . . . . . .

# RAJKOT KHEL MAHKUMBH-3. O

સૌરાષ્ટ્ર ઝોન ખેલ મહાકુંભ 3.0 અંતર્ગત રાજકોટમાં યોજાયેલી રાજકોટ અને અમરેલી વચ્ચેની હોકી મેચમાં રાજકોટ શહેરે અમરેલીને 7 ગોલથી હરાવ્યું છે.

આજે યોજાયેલી મેચમાં 15 મિનિટમાં કુલ ચાર રાઉન્ડના અંતે અમરેલીની ટીમે બે ગોલ કરી બીજું સ્થાન મેળવ્યું છે. આ બંને ટીમ રાજ્યકક્ષાની અંતિમ સ્પર્ધામાં ભાગ લેશે.

. . . . . . . . . . . . .

# WPL

મહિલાઓ માટેની ક્રિકેટ પ્રિમીયર લીગની પ્રથમ મેચ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને ગુજરાત જાયન્ટ્સ વચ્ચે વડોદરામાં રમાઈ રહી છે. રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે.

ઉલ્લેખનીય છે કે આ ટુર્નામેન્ટમાં પાંચ ટીમો વચ્ચે કુલ 22 મેચો રમાશે. ફાઇનલ મેચ 15 માર્ચે મુંબઇમાં રમાશે.

. . . . . . . . . . . . .